ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ
નિગમને વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
<u>વર્ષ ૨૦૨૨-૨૩</u>

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃSJED/MIS/e-file/17/2022/1606/A-1

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૧૬/03/૨૦૨૩

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) આ વિભાગના ભાગ-૧નું ૨૦૨૩-૨૪ના વર્ષ માટેનું અંદાજપત્ર

(૨) આ વિભાગનો તા.૦૬/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(૩) આ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(૪) આ વિભાગનો તા.૧૯/૦૧/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2022/1606/A-1

(૩) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૩/03/૨૦૨૩નો પત્રક્રમાંકઃવિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૧૭૦-૭૧

**<u>આમુખઃ-</u>**

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં રીવાઈઝ એસ્ટીમેશન (R.E.) મુજબ વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૯૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)પરના અંદાજપત્રથી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૯૨.૦૦ લાખની જોગવાઇના ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની ગ્રાન્ટને વહીવટી મંજુરી વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના ઠરાવથી આપેલ છે. નિગમની બીજા હપ્તા પેટે મંજુર થયેલ જોગવાઇ માંથી રૂ.૧૫.૭૦ લાખની ગ્રાન્ટ વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના ઠરાવથી આપેલ છે. અને નિગમની ત્રીજા હપ્તા પેટે મંજુર થયેલ જોગવાઇ માંથી રૂ.૨૬.૮૦ લાખની ગ્રાન્ટ વંચાણે લીધેલ ક્રમાંક(૪) પરના ઠરાવથી આપેલ છે. નિગમને મંજુર થયેલ જોગવાઇ માંથી રૂ.૨૮.૨૫ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મુકવા વંચાણે લીધા ક્રમાંક (૪)પરના પત્રથી સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવઃ-</u>**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૯૨.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ચોથા હપ્તા પેટે રૂ.૨૮.૨૫ લાખ (અંકે રૂપિયા અઠિયાવીસ લાખ પચ્ચીસ હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ,અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ અને પેટા સદર: ૨૦ ડિએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ઉધરાવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Ketankumar Adhelabhai Damor
Location: Gandhinagar, Gujarat
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 16-Mar-2023 (03:39 PM)

**(કેતન ડામોર)**
**સેકશન અધિકારી**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૭) સેકશન અધિકારીશ્રી(બજેટ/કોમ્પ્યુટર-સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર

(૮) સિલેકટ ફાઇલ